RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૭ તા.૧૭–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા. ૧૫–૧૧–૧૧ની અરજીથી તેમની તા.૮–૧૧–૧૧ ની અરજી વોર્ડ નં.૯ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨ /અ બાબતે શું પગલા લેવામાં આવેલ છે વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૭/૨૦૧૧–૧૨

શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાયની તા. ૧૫–૧૧–૧૧ની અરજીથી તેમની તા.૮–૧૧–૧૧ ની અરજી વોર્ડ નં.૯ નોંધ નં.૧૦૧૧/અ, ૧૨૦૧, ૧૨૦૨ / અ બાબતે શું પગલા લેવામાં આવેલ છે વિગેરેની મુદ્દા નં.૧ થી ૩ ની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ / આ.નં./ ૧૬૨૫ તા.૦૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ તા. ૮–૧૧–૧૧ની અરજી અંગે થયેલ–નહીં થયેલ કાર્યવાહીની વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૧૦ તા.૨૩–૧૨–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) તથા અરજદારને મૂળ માંગેલ માહિતી, ફીની વિગત તથા નારાજગી અંગે આધાર સહ મુદ્દાવાર રજુઆત કરેલ ન હોઈ તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ. ૧૯૩૮ તા.૭–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ , અરજદારે તા.૮–૧૧–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને કરેલ અરજીની નકલ , અરજદારે તા.૨૯–૧૨–૭૯ ના રોજ થયેલ કોર્ટ મારફતે સમાધાનની નકલ, પત્ર નં.સે.ઝોન/ આ./૩૫૪૩ તા.૭–૧–૧૦ થી આપેલ નોટીસની નકલ, સે.ઝોન/ એન્જી./આ./૩૫૪૨ તા.૭–૧–૧૦ થી આપેલ મનાઈ હુકમની નકલ, અરજદારના સ્મોલ દિવાની મુકદમા નં.૧૪૩ સને ૨૦૦૯ તા.૧૮–૬–૧૦ ની નકલ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૧૬૨૫ તા.૨–૧૨–૧૧ ની આપેલ માહિતીના પત્રની નકલ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ. ૧૭૧૨ તા.૧૪–૧૨–૧૧ થી નકલ ફીના રૂ.૩૦/– રસીદ નં.૧૧૬૯૪૪ તા.૯–૧૨–૧૧ થી ભરપાઈ કરેલ જેથી માંગ્યા મુજબની નકલ મોકલ્યાના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૯–૧૨–૧૧ ના પત્રથી તા.૮–૧૧–૧૧ ના રોજ કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનને કરેલ અરજીની નકલ, તા.૨૯–૧૨–૭૯ ના રોજ થયેલ કોર્ટ મારફતે સમાધાનની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/ આ./૩૫૪૩ તા.૭–૧–૧૦ થી આપેલ નોટીસની નકલ, કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલ ઝોન ના પત્ર નં.સે.ઝોન/એન્જી./આ./૩૫૪૨ તા.૭–૧–૧૦ થી આપેલ મનાઈ હુકમની નકલ, સ્મોલ દિવાની મુકદમા નં.૧૪૩ સને ૨૦૦૯ તા.૧૮–૬–૧૦ ની રજુઆતની નકલ, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત, જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.૧૬૨૫ તા.૨–૧૨–૧૧ ની આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૫–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ / આ.નં./ ૧૬૨૫ તા.૦૨–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારની અરજીમાં મુદ્દા નં.૧ તા.૮–૧૧–૧૧ ની અરજી જેનો વિષય વોર્ડ નં.૯ નોંધ નં.૧૦૧૧/ અ, ૧૨૦૧, ૧૨૦૨/અ, નો પ્લાન મંજુર કરવા બાબત. સદર અરજી ઉપર શું પગલા લેવામાં આવેલ છે તે તથા અધિકારી શ્રી તથા સ્ટાફ વચ્ચે થયેલ નોંધની નકલ આપવા સારૂ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તેમની તા.૧૮–૧૧–૧૧ ની અરજી બાબત કાર્યવાહી થયેલ હોવાનું રેકર્ડ અનુસાર વિગતો ઉપલબ્ધ નથી. તેવું સમય અવધિમાં જણાવેલ. મુદ્દા નં.(૨) આ અગાઉ મિલકતદારને ગેરકાયદેસર બાંધકામની નોટીસ આપવામાં આવેલ તો તેના તરફથી આપવામાં આવેલ જવાબની નકલ આપવા બાબત તથા જે પગલાં લેવામાં આવેલ હોય તે બાબતની નોંધ નકલ આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી માંગવામાં આવેલ વિગતોના પાના નંગ –૭ ના ₹ ૨/– પાના દીઠ ધ્યાને લઈ કુલ ₹૧૪/– ભર્યેથી મળી શકશે. તેવુ જણાવેલ. મુદ્દા નં.(૩) હાલ જે પ્લાન મંજુર કરેલ (ઓકટોબરમાં) તેમાં થયેલ ફાઈલના તમામ નોટીંગની એટલે કે

નોંધની નકલ આપવા બાબત. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી હાલ જે પ્લાન મંજુર કરેલ છે તેનો નોટીંગ વિભાગની નકલ પાના નં.–૮ ના ₹ ૨/– લેખે કુલ ₹૧૬/– ભર્યેથી મળી શકશે. તેવુ જણાવેલ. જાહેર માહિતી અધિકારીના નાણાં ભરી નકલ મેળવવાના પ્રસ્તાવ મુજબ અરજદારે તા.૯–૧૨–૧૧ ના રોજ નાણાં ભરી જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સે.ઝોન / ૧૭૧૨ તા.૧૪–૧૨–૧૧ અન્વયે નકલ મેળવેલ છે. અરજદારને અત્રે થી તા.૨૩–૧૨–૧૧ ના રોજ પાઠવવામાં આવેલ પત્રના અનુસંધાને તા.૨૯–૧૨–૧૧ થી જાહેર માહિતી અધિકારીએ તા.૨–૧૨–૧૧ ના રોજ પાઠવેલ પ્રત્યુત્તરના મુદ્દા નં. ૧ થી મળેલ માહિતીથી નારાજ થઈ અપીલ અરજી કરેલ હોવાનું પુરક માહિતીમાં જણાવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૮–૧૧–૧૧ ની અરજી બાબતે કાર્યવાહી થયેલ હોવાની વિગતો રેકર્ડ અનુસાર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. આરટીઆઈ કાયદાની કલમ ૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તામંડળ પાસેથી કે નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી પુરી પાડવાની જોગવાઈ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૫–૧૧–૧૧ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિમાં અરજદારને પુરી પાડેલ છે તેમ છતાં મુદ્દા નં.૧ ની અરજદારની નારજગી અન્વયે અરજદારની તા.૮–૧૧–૧૧ ની અરજી અન્વયે સંબંધિત ફાઈલ નોંધાયેલ નોંધ પત્ર વ્યવહાર સહિતની ફાઈલની દફતરી તપાસણી જાહેર માહિતી અધિકારીનો અગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ ૭(૩) સાથે નિયમ ૫(૨) હેઠળ લાગુ કિસ્સામાં નિયત તપાસણી ફી ભરપાઈ કરી તપાસણી મેળવી જાહેર માહિતી અધિકારી એ આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશ લક્ષ્મીકાંત ઉપાધ્યાય